અગત્યનું/સમય મર્યાદા

ક્રમાંક:મઉમશબ/પરીક્ષા/૨૦૧૯/૩૪૭૮-૫૩૨

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,

ગાંધીનગર. તા.૦૭/૧૨/૨૦૧૯

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

ગુજરાત રાજ્ય.

વિષયઃ- ધોરણ-૧૦ અને ૧૨ની માર્ચ-૨૦૨૦માં લેવાનાર પરીક્ષા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર દ્વારા આગામી તા.૦૫/૦૩/૨૦૨૦ થી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા યોજાનાર છે. આ પરીક્ષા પારદર્શક રીતે, ન્યાયી તથા તટસ્થ વાતાવરણમાં તેમજ ગેરરીતિમુક્ત યોજાય તે આવશ્યક છે. આ માટે તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સંચાલકશ્રીઓ, આચાર્યશ્રીઓ, શિક્ષકગણ તથા અન્ય કર્મચારીઓનો સહકાર આવશ્યક છે.

સમગ્ર વર્ષ દરમ્યાન મહેનત કરનાર મહેનતુ વિદ્યાર્થીઓને તેઓની મહેનતનું યોગ્ય પરિણામ મળે તે જોવાની સૌની ફરજ છે. ગેરરીતિ કરીને પરિણામ મેળવનાર કેટલાક પરીક્ષાર્થીઓ કે તંત્ર દ્વારા મહેનતુ વિદ્યાર્થીઓને અન્યાય થાય છે તેવી ભાવના પણ ઉભી ન થાય તે જોવું આવશ્યક છે.

ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા યોગ્ય રીતે લઇ શકાય તે માટે માર્ગદર્શન આપવા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પ્રકાશિત થતા માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ મેગેઝીનમાં ઓક્ટોબર અને નવેમ્બર માસના અંકમાં જરૂરી વિગતો પ્રકાશિત કરવામાં આવેલ છે. જેમાં સ્થળ સંચાલકની ફરજો, ખંડ નિરીક્ષકની ફરજો, સરકારી પ્રતિનિધિની ફરજો દર્શાવવામાં આવેલ છે. આ ઉપરાંત, ધોરણની૧૨ અને ૧૦- પરીક્ષાઓ ગેરરીતિમુક્ત યોજાય તે માટે વિદ્યાર્થીઓ માટેનું શિક્ષા કોષ્ટક અને ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ-૪૩ અને ગુજરાત માધ્યમિક પરીક્ષા વિનિયમો-૨૦૦૫ના વિનિયમ-૩૬(૭)માં પરીક્ષામાં ગેરરીતિમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદરૂપ થનાર કર્મચારીઓ માટેની શિક્ષાત્મક કાર્યવાહી અંગેની વિગતો અંગે શાળાના કર્મચારીઓને તેમજ વિદ્યાર્થીઓને માહિતગાર કરવા માટે વિનંતી કરવામાં આવેલ છે. માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ મેગેઝીનમાં પ્રકાશિત થયેલ વિગતોની નકલ આ સાથે સામેલ છે.

Scanned by CamScanner

આપના જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓની SVS કક્ષાએ યોજાતી બેઠકોમાં ઉક્ત તમામ બાબતો અંગે તેઓને સંપૂર્ણ જાણકારી આપવા તેમજ માર્ગદર્શન આપવા જણાવવામાં આવે છે. આપના દ્વારા આ અંગે કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો અત્રે મોકલી આપવા વિનંતી છે.

ક્રમાંક/માધ્ય-૬/૨૦૧૯/૫૦૪૩૧-૯૩૧
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ : 09-12-2019

જાણ કરવા અને તથા અમલ સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ, નોન ગ્રાન્ટેડ
મા. અને ઉ.મા. શાળાઓ તમામ.
બ.કાં. જિલ્લો.

Scanned by CamScanner